

॥ श्री शंकराचार्यो विजयते तराम् ॥

નામદાર રાજપીપળા નરેશ ના. મહારાણા શ્રી છત્રસિંહજીના

પવિત્ર હસ્તે ઉદ્ઘવેલી.

# રાજપુત્ર કોન્ફરન્સ ચતુર્થી પરિષદ્.

શ્લોક.

॥ यदा यदाहि धर्मस्य ग्लानिर्भवति भारत ॥

॥ अभ्युत्थान मधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥

( ભગવદ્ ગીતા અ० ૪. )

॥ शौर्यं तेजो धृति दाक्ष्यं युद्धे चाप्य पलायनम् ॥

॥ दानमीश्वर भावश्च क्षात्र कर्म स्वभावजम् ॥ ૨

ભાવાર્થ

કુંડળીઓ.

શૂરવીર, તેજસ્વી અને, ધીર, ચતુર, ઉદાર,
યુદ્ધ વિષે નિડર રહે, ક્ષાત્ર ધર્મ અનુસાર;
ક્ષાત્ર ધર્મ અનુસાર, અભીર પ્રીતિ રાખે,
સ્વાભાવિક છે કર્મ, ભાગવદ્ ગીતા ભાખે.

ઇશ્વરલાલ પ્રાણલાલ શુક્લ. સંયોજક, બાંટવીકર,

રાણા રતનસિંહ ખુશાલસિંહ તંત્રી પ્રકાશક.

સંવત ૧૯૮૭ [illegible]

રાજપુત્ર કોન્ફરન્સ તરફથી [illegible]

[illegible]

# જાહેર ખબર.

આથી સર્વે ધર્મ જિજ્ઞાસુઓને ખબર આપવામાં આવે છે,-કે અમારા "આતમ પ્રભા" એ નામનું અત્યુત્તમ નોવેલ બહાર પડયુ છે. જેનું કદ ક્રાઉન પેજીસ ૧૬ પ્રુફના ૩½ ફ્રમીમાં છતાં કીમત માત્ર બે આના રાખી છે. મંગાવવું હોય તેમણે બે આનાની પોસ્ટ ટીકીટ મોકલી નીચેને સરનામેથી મંગાવી લેવા અમે ભલામણ કરીએ છીએ.

મળવાનાં ઠેકાણાં.

પટેલ નાથુભાઈ કુંવરજીની કાપડની દુકાન. પો. સાય

ઉપાધ્યાય ભવાનીશંકર રામશંકર. મુ૦ માંડવી જી. સુરત.

---

ધન્યવાદ ! ધન્યવાદ!

# ખુશ ખબર.

ડુંસોટ જીલ્લેદાર નારસિંહ ખુશાલસિંહ તથા તેમના ભાઇ બાલુભાઇએ પોતાનાં ડિવિઝનમાં કન્યા વિક્રયનો કાયદો તોડનાર એક સખસ ઉપર સજા કાયદાનો અમલ કરી દાખલો બેસાડયો છે. આ પ્રમાણે કોન્ફરન્સના ઠરાવોને ઉત્તેજન આપનારને ખરેખર ધન્યવાદ ઘટે છે. આશા છે કે સમગ્ર કોમ એવીજ રીતે ઉત્તેજન આપશે.

લી૦ સદાનો સેવક.

છીતાભાઈ અંદીભાઇ.

ગોથાણકર.

---

નાદ

# લાઈ... ! અકસીર દવા.

જેઓ ડાકટરો અને વૈદ્યો ... થી ગયા છે અને રોગ ન મટયો હો દવાઓ અમોને ... મળવું, ... વાઇવારે ... ગો મેળવવો.

... ટીબુ

રતવા—નારડીઓ, ...દરાઓ, અગર પહાડીઓ ગમે તેવા હશે. આ ... કોઈને કોઠે ... તો અમો ... ઉપર મુજબ ખુલાસો મેળવવો.

એમ. કે. ભટ્ટ.

ઉમરા તાલુકે ચોર્યાસી

# વિનતિ પત્ર.

નેકનામ નામદાર શ્રીમંત સરકાર ક્ષત્રિયકુલ ભૂષણ ક્ષત્રિય શિરોમણી **ગુજરાત** તથા **કાઠીઆવાડના રાજસ્થાનના મહારાજા સાહેબો ? રાજમાતાઓ** અને **શ્રીમાન ઠાકોર સાહેબો ?**

નેક નામદારની પવિત્ર સેવામાં મરોઠ વિભાગની રાજપુત્ર કોન્ફરન્સની નમ્રતા પુર્વક વિનંતિ છે કેઃ—**નામદાર રાજપીપળા નરેશના** પવિત્ર હસ્તે આ **કોન્ફરન્સનાં** બીજ રોપાયાં છે, તેણે કેવું **સ્વરૂપ** ધારણ કર્યું છે તેનો ખ્યાલ આ પુસ્તક અને નમુનાઓથી આપના ઐશ્વર્યોપન્ન પવિત્ર અંતઃકરણમાં ઉતરશે. સદરહુ કોન્ફરન્સના બંધારણ પ્રમાણે **કેળવણી ફંડમાં નાણા** એકઠાં થયેથી આવતી કોન્ફરન્સમાં મુકરર થયેલા સ્થળમાં **"રાજપુત્ર બોર્ડિંગ સ્કુલ"** સ્થાપવાના આંદોલનો સમગ્ર ક્ષત્રિય પ્રજામાં સ્ફુરેલાં છે. અન્ય કોમ કરતાં આપણી કોમ અત્યંત અધમતામાં આવી પડેલી છતાં, અદ્યાપિ પર્યંત બીજી કોમની માફક આવું પગલું રોપાયલું નહોતું, તે હાલ રોપાયું છે, જે સમગ્ર સ્વજ્ઞાતિનાં આપ માતા-પિતા સમાન છો, અને જે કોમની ઉન્નતિમાં આપનું ગૌરવ સમાયેલું છે; તે કોમને **પુત્ર વાત્સલ્ય ભાવે** મદદ આપવાને તથા તેમાંના [illegible] કાર્યમાં ભાગ લેવાને કૃપા કરશોજી, અને તેમાં દુર્લક્ષ્ય નહીં [illegible] એવી સમગ્ર પ્રજાવર્ગના ક્ષત્રિયતનુજોની પ્રાર્થના છે.

આપ નામ[illegible]

ણા રેત[illegible]

# અનુક્રમણિકા.





કોન્ફરન્સ મળવા નક્કી કરેલું સ્થળ.



(ओ३म्.)



॥ श्री शंकराचार्यो विजयते तराम् ॥

# ક્ષત્રિય હિતવર્ધક કોન્ફરન્સનો રિપોર્ટ.

મહાશયો, ઉત્પત્તિ, સ્થીતિ અને લય, એ સૃષ્ટિનો ક્રમ છે. તદનુસાર રાજ્ય અને દેશોન્નતિની આધારભુત ગણાતી રજપુત કોમ આધુનિક જમાનામાં કર્મના પરિપાકથી અવનતિમાં આવેલી જોઇ આપણા મરોઠ વિભાગના પ્રમુખ માનવંતા ઠાકોર સાહેબ શ્રી જીતસિંહજી ભારતસિંહજીની ફરમાશથી રાજપીપળા નરેશ નામદાર મહારાણાશ્રી છત્રસિંહજીના પ્રમુખપદ નીચે ગુમાનદેવ મુકામે પ્રથમ મરોઠ વિભાગ ક્ષત્રિય હિતવર્ધક કોન્ફરન્સનાં બીજ રોપાયાં, અને શારદામઠાધીશ્વર શ્રીમજ્જગદ્ગુરૂ શંકરાચાર્ય માધવતીર્થ સ્વામીની આજ્ઞાનુસાર શ્રીમત્ પરમહંસ પરમાનંદ સરસ્વતીના અતૂલ પરિશ્રમથી જ્ઞાનોપદેશરૂપી જલનું સિંચન થતાં; તે ધીમે ધીમે વેલાછા તાલુકાના સીમોદ્રા ગામે વૃદ્ધિંગત થએલાં જણાયાં; જેમાં મદિરા નિઃષેદ્ધ અને ઉપવીત સંસ્કારની મહત્તા દર્શાવી કેટલાકોને ઉપવીત આપ્યાં હતાં.

બાદ પરીઆ મુકામે કેળવણીનો સવાલ ઉભો થવાથી કારેલી તાલુકે ઓરપાડમાં રા૦ ભીખાભાઇ કાળાભાઇને ઘેર શ્રી મચ્છંકરાચાર્યની મૂર્તિ પ્રમુખસ્થાને [illegible] તેમના તરફથી પ્રતિનિધિ તરીકે મહિડા ઠાકોર સાહેબ શ્રી [illegible] જેસીંગ [illegible] નીમી, ફંડ કેવી રીતે ઉભું કરવું અને તેની કેવી રીતે વ્ય[illegible] [illegible] બાબ[illegible] સદરહુ પુસ્તકમાં જાહેર કરેલા નિયમો સર્વાનુમતે પાસ થયા [illegible] ભાગમાં થયો છે અને જ્યાં ન થયો હોય, ત્યાં ચાલુ કરવા વિનં[illegible]

સદરહુ કોન્ફરન્સનો ઉદ્ભવ રાજસ્થાનમાંથી મહારાણાને [illegible] આશા રાખવામાં આવે છે કે;—સઘળાં રાજસ્થાન તરફથી સહ[illegible] મળશે. સમગ્ર પ્રજાએ ઉત્સાહથી એ કામ ઉઠાવી લીધું છે, બનત[illegible] અને આર્થિક મદદ આપે છે, પ્રત્યેક માણસ પોત પોતાના ધર્મ[illegible] સુવિચારો દાખલ થયા છે, અને તેમાંથી ઉપનયન ધારણ કરવું, મ[illegible] બાળલગ્નનો પ્રતિબંધ વગેરે કેટલાક ભાગમાં આચારમાં મુકાયા છે. ટુંક[illegible] કોન્ફરન્સે ઘણું કામ કરી બતાવ્યું છે, અને તે પ્રમાણે [illegible] ઉન્નતિ થવાનો સંભવ નિઃસંશય છે.

આજ સુધી કોઇ પણ દેશી રાજાએ પોતાની કોમને નહિ કરેલી એવી મદદ **ના૦ રાજપીપલા નરેશે** પોતાની કોમને કરી મફત કેળવણી આપવા ફરમાવ્યું છે. પ્રભુ પ્રતિ આવા ન્યાતિની લાગણી ધરાવનાર નરેશનું દીર્ઘાયુષ્ય ઇચ્છીએ છીએ. વળી તેઓશ્રીએ સ્વીકાર્યું છે કેઃ—

"જો અમારા સ્ટેટમાં બોર્ડિંગ સ્કુલ કાઢવામાં આવશે તો બચ્ચાંને રહેવા સારૂ સવડ પડતું મકાન મફત આપીશું. ભણવાની ચોપડી, કાગળ, શાહી વગેરે ભણવાનો તમામ સામન પુરો પાડીશું. બચ્ચાંની સારવાર લેવા એક અનુભવી મેનેજર ( હાઉસ માસ્તર ) તથા તન્દુરસ્તી જાળવવા એક હોશિઆર ડાકટર રાજ તરફથી આપીશું." બોર્ડિંગ સ્કુલની યોજના પાર પાડવામાં શ્રીમંત નાંદોદ દરબારનો દાખલો લઇ બીજા **દેશીરાજાઓ, રાજમાતાઓ** અને **ઠાકોરસાહેબોનું** લક્ષ જોઇતી મદદ આપવા તરફ ખેંચાય એવી ઇશ્વરપ્રતિ અમારી પ્રાર્થના છે.

**भवताम्.**

**ॐ श्री**

**॥ नमःशिवाय. ॥**

# રાજપુત્ર ચતુર્થો પરિષદ્.

**...મો તાલુકે ઓરપાડ, તા૦ ૨૩ માર્ચ સને ૧૯૧૧.**

...શ્વર જીલ્લેદાર યાને તાલુકા પ્રમુખ બાકરોલા બીમબાવા ...નસિંહ ખુશાલસિંહને પ્રમુખપદ સર્વાનુમતે આપવાને દરખાસ્ત ...અન્ય સદ્‌ગૃહસ્થોને નિમાવવાના સબબથી ના પાડી, જેથી રા૦ ...તાપસીંહ તથા ...દીઆણાવાસી ઓરપાડ તાલુકાના તાલુકા પ્રમુખ ...એ, તથા ...ાનિ તાલુકાના તાલુકા પ્રમુખોએ, તથા સભામાં બીરા-...માનુ જગદ્‌ગુરૂદેવ શારદા પીઠાધીશ્વર આચાર્ય ભગવાન ...સિંહાસને બીરાજમાન કરવાનું જણાવી તેમના પ્રતિનિધિ ...છીતાબાવા જેસીંગબાવાને, કામ કરવાનું જણાવ્યાનો ...આભારની લાગણી સાથે પ્રતિનિધિપદ સ્વીકારી પ્રમુખપણાની ...વી, તે બાબત અસરકારક ભાષણ આપ્યું હતું.

પ્રજાનું રક્ષ... ...ને જીતીને... ...સ્પને...

# કોન્ફરન્સમાં ઝણોર દરબાર તરફથી આવેલું પત્ર.



**સદાહિતકારી રા૦ કારેલીઆ ઠાકોર ભીખાભાઇ કાળાભાઇ તથા કોન્ફરન્સમાં ભેગા થએલા રાજપુત્ર જ્ઞાતિબન્ધુઓ.**

મુ૦ કારેલી.

લખી૦ ઝણોરથી વાંસીઆ ઠાકોર શ્રીજીતસિંહજી ભારતસિંહજીના જય રઘુનાથ વાંચવા. બીજું શ્રી માતાજીની કૃપાથી અત્રે ખુશીમાં છું. તમારે ગામે સઘળા ભાઇઓ સુધારા કરવા ભેળા થાય છે; તે સાંભળી ઘણો ખુશ થયો છું, અને આશા રાખું છું કે;- પરમાત્મા સુધારાનુ કામ નિર્વિઘ્ને પાર ઉતારે.

હું ઘણી ખુશીની સાથે આવત, પણ એક અનિવાર્ય ધર્મ સંકટને લીધે તૈયારી કરેલી રહી છે. ભાઇઓ, ન્યાતિના કલ્યાણ સારૂ પાંચ ગાઉ પગે ચાલીને પણ આવવા ખુશી હતો પણ દીલગીરી એટલીજ કે ઉપલું કારણ આડે આવ્યું. (એ અરસામાં શ્રીને ઘેર પુત્ર પ્રસવ થયો હતો.)

પૂજ્યમાન્ મહારાજશ્રી પરમાનંદ સરસ્વતીને મારા ઘણા કરી દંડવત્ પ્રણામ શ્રીચરણમાં અંગીકાર કરવા કહેશો. મહારાજશ્રી જે ઉપદેશ કરે છે તે ઘણો ઉત્તમ છે, અને રાજપુત્ર કોમની કીમતી સેવા બજાવે છે; જેથી હું તેઓશ્રીને વારંવાર ધન્યવાદ આપું છું અને પ્રભુપ્રત્યે પ્રાર્થના કરૂં છું કે;-તેઓશ્રીને આરંભેલાં કાર્યમાં સદ્બુદ્ધિ આપો.

**તથાસ્તુ.**

મહારાજશ્રીને મારી વિનતિ છે કે;-સ્વધર્મ સાચવવો [illegible] આપણું કામ [illegible]
પણ હાલમાં રાજપુત્ર કોમની હાલત ગરીબ થઇ ગઇ છે, [illegible]સ્થા કરવી તે [illegible]નું [illegible]ચાઇ
ફેલાઇ ગયું છે; માટે તેમાંથી બચવાના ઉપાય લેવા [illegible] હતા. જેનો અમલ ઘણો
કરવાને કીમતી ઇલાજ બે છે. એક તો મરણું અને લગનના [illegible] છે.
તથા કેળવણી આપવા વાર્ષિક ફંડ કરી એક [illegible]રાસીઆ કોલે[illegible]થી થ[illegible]
કર્યા સિવાય રાજપુત્રોની હાલત સુધરશે ન[illegible] [illegible]ળવણી સિવ્રહુ કોન[illegible]
નહિ, સ્વધર્મના તાવોએ ચચવાશે નહિ; માટે [illegible] શા[illegible]સાનુદાસ.
રાજશ્રી આપશે, અને આજ કોન્ફરન્સમાં ખરચ [illegible] [illegible]વસ્થા[illegible]
બંધ કરાવશે એવી મારી પ્રાર્થના છે. [illegible]

વરા બંધ કરવાના તથા કેળવણીના [illegible] [illegible]હું
સમજાયા હશેજ [illegible] કરતી જરા [illegible] પદ્ધતમાં

ગુમાનદેવ મુકામે જે ઠરાવો થયા છે તેની બુકો નંગ ૪ મોકલી છે તે પુરી વાંચી સંભળાવવા મહારાજશ્રી કૃપા કરશે. એ સઘળા ધારા પસાર કરવાના છે.

તારીખ ૨૧-૩-૧૯૧૧.

ઠા૦ જીતસિંહજી.
મરોડ વિભાગના પ્રમુખ.
મુ૦ ઝનોર.

વળી તેઓશ્રી તારી. ૨૨-૨-૦૯ના પત્રથી **અભયવચન** આપે છે કેઃ-ફંડનાં નાણાંનો આંકડો ભેગો કરી, "ક્ષત્રિય હિતવર્ધક કેળવણી શાખા વહીવટ કરનાર ફલાણા ફલાણાનું ખાતું" એ નામે જમા કરાવવા. એટલે તે ઉપર પંચનોજ હક રહેશે. કેટલાક વહેમી લોકો કહેશે, કે, ફંડ ઉપર ઠાકોર સાહેબનો હક થઇ જશે. પણ તેમણે સંપૂર્ણ ખાતરી રાખવી કે ફંડ ઉપર અમારો તથા અમારા વારસોનો કોઇ જાતનો તલમાત્ર દાવો નથી. એ નાણાં રૂલમાં લખ્યા પ્રમાણેજ વપરાશે. વળી ફંડમાં વધઘટ કરવા પંચ મુખ્ત્યાર છે. મારૂં લખાણ જાતુનો દસ્તાવેજ સમજશો અને આપણી કોમની લાગણીને ખાતર તમારા તાલુકામાં નીમેલા માણસોને મળી રકમ જમા કરાવશોજી.

તંત્રી.

---

# ક્ષત્રીઓની પ્રાચીન અને અર્વાચીન કાળની સ્થીતિ.

મહાભારતના સમયથી તે મહંમદ ગીજનીએ હિંદુસ્તાનપર સ્વારી કરી ત્યાં સુધીના રજપુતોની સ્થીતિ ભાગ્યેજ કોઇ જાણતું નહશે, મહંમદ ગીજનીથી શાહબુદ્દીન સુધી જાણવાજોગ બનાવો બન્યા છે, તે પણ ઘણાજ થોડા માણસોની જાણમાં હશે. ધર્માંધ અને ઝનુની મુસલમાનો સામે ખરા ક્ષત્રિયોએ પોતાનું પણ જાળવી ક્ષાત્રધર્મને અનુસરી પોતાના રાજ્ય અને પ્રજાનું રક્ષણ કરવામાં અભેદ્ય શુરાતન બતાવી નિષ્કલંકિત ક્ષત્રીવટ જાહેર કર્યો છે.

॥ क्षत्रियो हि प्रजा रक्षन् शास्त्र पाणि प्रदण्डवान् ॥
॥ निर्जित्य परसेन्य क्षितिं धर्मेण पालयेत ॥

(પારાશર સ્મૃતિ.)

એટલે ક્ષત્રિયોએ ણ કરવું, હાથમાં શસ્ત્ર ધારણ કરવાં, દુષ્ટોને દંડ આપવો, અને પરસૈન્ય પૃથ્વીનું ધર્મ વડે પાલન કરવું. એ સૂત્ર પ્રમાણે અસલનાં રજપુતો ગૌ બ્રાહ્મણ અબળાઓનું પ્રતિપાલન કરતા, સંપથી વર્તતા, સ્વજ્ઞાતિ તેમજ પરજ્ઞાતિના પર ભ્રાતૃભાવ રાખતા, એકબીજાનું શ્રેયસ્ કરવાને પોતાથી બનતો પ્ર-

યાસ કરતા. કાળચક્રના ચમત્કારે જે કંઇ અસહ્ય દુઃખ તેમનાપર આવી પડતાં તે તેઓ ધીરજથી સહન કરી, કાયિક વાચિક અને માનસિક ઉપાયો કામે લગાડી, તેમાંથી મુકત થતા. સ્વધર્મનો ત્યાગ નહિ કરતાં, વ્યવહારિક નિયમો પાળતા. તેમના કુટુંબના વડીલો ધર્મ, અર્થ, અને કામથી માહિતગાર હતા; એટલે રાજનીતિ, ધર્મ, વૈદક જ્ઞાન વિગેરેની પૂર્ણમાહિતી ધરાવતા. જેથી કરી તેઓ પોતાનાં બાળકોના મગજમાં જ્ઞાન રૂપી બીજનું આરોપણ કરતા, અને તેટલા માટેજ મહાન પુરૂષરૂપી ફળદાયક વૃક્ષો ઉદ્ભવતાં; સંકેત પ્રમાણે ઇચ્છાનુસાર ફળપ્રાપ્તિ થતી; કુટુંબના સઘળા માણસો વડીલોનું માન રાખી સદાચરણથી વર્તતા. આ બધો કેળવણીનોજ પ્રભાવ હતો. કેળવાયલી માતાઓ પોતાનાં બચ્ચાંને યથાયોગ્ય જ્ઞાન આપી શકતી. અને તેથીજ કુમળી વયના બાળકથી તે વૃદ્ધાવસ્થા સુધી સર્વ સ્ત્રી પુરૂષોમાં શુભ વિચાર પ્રચલિત થતા. પોતાનું શિયળવ્રત જાળવનારી સાધવી સ્ત્રીઓ એવાં શુભ બાળકોના જન્મ આપે તેમાં વિસ્મય થવા જેવું નથી. દશબાર વરસ જેવી નાની વયના છોકરાંઓ ભવિષ્યમાં કેવાં નિવડશે તે તેમની બાલ્યાવસ્થાની રમતો ઉપરથીજ માલમ પડતું.

રાજપુત્રો પૂર્ણ રાજનીતિ જાણતા હતા; તેઓ પોતાની પ્રજાપર પુત્ર પુત્રીના જેવો પ્યાર રાખતા હતા. પ્રજા પણ રાજાને સંકટ સમયે પોતાના જીવ અર્પણ કરવા તૈયાર થતી. રાજાઓ રાજ્યનાં રક્ષણાર્થે કોઇપણ જાતના રજપુતોને જાગીરો આપી તેમને પટાવતો નીમતા. તે જાગીરો વંશ પરંપરાની હતી; અને શેહેરના રક્ષણ સારૂ જેમ કોટ બાંધેલા હોય છે, તેમ રાજ્યની ચારે બાજુએ હતી. સઘળા અમલદારો પટાવતોમાંથીજ નીમાતા. તેઓ રાજ્યનું રક્ષણ કરવાને બંધાયલા હતા. તેઓ રાજ્યદ્રોહના ગુન્હા કરી શકતા નહિ. પ્રજા પણ આબાદ રેહેતી. વિધવિધ પ્રકારના હુન્નરો, શિલ્પ અને ચિત્ર કામ, કવિતા અને ગાયન વગેરે પૂર્ણ કળાએ પહોંચેલાં હતાં. જો કે આધુનિક સમયમાં વેપાર ઉદ્યોગને ઉત્તેજન આપવાનાં સાધનો વધી પડવાથી દિનપ્રતિદિન તેમાં વધારો થતો જાય છે, તોપણ નિષ્પક્ષપાતથી જોતાં અસલનાં ઉદ્યોગ, કારીગીરી વગેરે કોઇ પણ રીતે ઉતરતાં જણાશે નહિ. રાજાઓનાં મુગટો, સિંહાસન, ભવ્ય મકાનો, મંદિરો, અને સર્વ રાજદરબારી ડાઠમાઠ પુર્ણ જામેલો હતો. અણુહીલવાડ અને સોમનાથના શહેરો, દિલ્હી અને ચિતોડનાં વિજયસ્તંભો, આબુ અને ગીરનારપરનાં દેવાલયો, એલીફંટા અને ઇલોરાની ગુફાઓ વિગેરે અસલની અનુપમ સ્થીતને સાબીત કરી આપે છે. રાજા અને પ્રજા સારી હાલતમાં હોય તોજ આવાં મહાભારત કામો થઇ શકે છે. અસલના વખતમાં સિંધુ અને ગંગા વચ્ચેનો મુલક બહુજ ધનવાન ગણાતો. રાજાઓની આવક, આણ, દાણ, અને ખાણથી ભરપુર હતી. આ સઘળી જાતની આબાદીનું મૂળ કારણ આપણે શું ધારીશું ? જો આપણે આપણા મનવિષે જરા વધારે ઉંડા ઉતરી વિચાર કરીશું તો એ બધાનું મૂળ કારણ ધર્મ છે, એમ સહજ માલમ પડશે; કારણ કે 'સ્વધર્મ એજ દરેક મનુષ્યને, મિત્ર તરીકે સાથે રહી, દરેક કામમાં મદદ્ર કરે છે. અને તેથીજ હરેક મનુષ્યનાં કરેલાં પુરૂષાર્થો અવશ્ય ફળદાયક થાય છે. ધર્મપરાયણ પુરૂષોજ ઉત્કૃષ્ટ

સ્થીતિને પામે છે; ધર્મ ચુસ્ત પોતાની સ્વતંત્રતા જાળવી શકે છે; સ્વદેશ ભક્તિ અને રાજ્યભક્તિ જેવાં પ્રસંશનીય સદ્દગુણોના અંકુરો ધર્મિષ્ઠ ફલ ન્યાતિક્ષેત્રમાંથી જલદી ફુટી નીકળે છે; ધર્મ એજ બધાનો શ્રેય છે; ધર્મજ આપણને ઉન્નતિ માર્ગમાં પ્રવર્તાવે છે; સગાં સહોદર પણ ધર્મજ છે; મતલબ કે આપણું સર્વસ્વ ધર્મ ધર્મ અને ધર્મજ છે; અને એજ દુર્લભ **મોક્ષ** છે. આવો જે મહાન સ્વર્ગનો સાથી **ધર્મ** તે અસલનાં રજપુતોમાં પ્રવર્તેલો હતો, અને એથીજ "રજપુત" (રજ=વિર્ય+પુત=પુત્ર.) વિર્યવાન્ એવો અર્થ કરી બતાવ્યો છે; કારણ કે એક રજપુત નામ ધારણ કરવામાં જે જે સદ્દગુણોની આવશ્યકતા છે તે સઘળા સદ્દગુણો તેમનાં અંતઃકરણમાં સ્ફુરી રહેલા હતા. પુરૂષોને સઘળાનું રક્ષણ કરવામાં અને સાધવી સ્ત્રીઓને પોતાનું શિયળવ્રત (સતિત્વ) જાળવી રાખવામાં અસહ્ય દુઃખો માથે વોહોરી લેવાં પડયાં છે. અસલથી સ્ત્રીઓને જનાનખાનામાં (પડદે) રેહેવાનો રિવાજ ચાલતો આવ્યો છે, એ રિવાજ શાથી પડયો તેનું કારણ અસલનાં સ્ત્રી પુરૂષોને પોતાનો ધર્મ પાળવામાં આવતી અડચણોનો પુરાવો આપે છે. પરંતુ હાલ મહાપ્રતાપી અંગ્રેજ સરકારનાં રાજ્યના આશ્રય નીચે આપણને એ મુશ્કેલીઓ દુર થઇ છે, અને મોક્ષનું સાધનરૂપ ધર્મ સ્વતંત્રપણે પાળવાને શક્તિમાન થયા છીએ. રજપુતોની હાલની સ્થીતિ વિષે લખતાં મને સ્વજ્ઞાતિની નિંદા કરવાની જરૂર પડે છે. તે મારી મરજી વિરૂદ્ધ છે પરંતુ જ્ઞાતિની ઉન્નતિ અર્થે આપણા બંધુઓમાં જણાતી ખામીઓ, હું જણાવું અને તેમાંની એકાદ ખામી વાંચનાર અથવા તો શ્રોતાજનમાં હોય, તો તે વિષે માઠું ન લગાડતાં મારી ભૂલની મને માફી બક્ષી તે દરગુજર કરશો એવી મારી નમ્ર વિનતિ છેઃ—

કુસંપ એ રજપુતોમાં સૌથી મોટો અને કોમની પાયમાળી કરનાર દુર્ગુણ છે. દરેક ઠેકાણે રજપુતોમાં કુસંપ જોવામાં આવે છે. એકજ ઘરની વાત કરીએ એ સહોદર (એકજ પેટમાંથી ઉત્પન થયેલા ભાઇ) વચ્ચે સંપ નથી તો તે પોતાના બંધુઓમાં ભ્રાતૃભાવ શી રીતે દર્શાવી શકે ? પોતાના ઘરમાંજ સંપ નથી, તે ગામમાં કેમ રાખી શકે ? ગામમાં ન રાખી શકે તે પરગામમાં કેમ રાખશે ? અને પરગામમાં નહિ રાખી શકે તો આખા દેશમાં કેવી રીતે રાખશે ? દેશમાં નથી તો પરદેશમાં તેનું નામ સ્વપ્ને પણ નહિ મળે. સંપ તો પરદેશ સુધી રાખવાની જરૂર છે, પણ આપણાજ ઘરમાં તેનું મૂળ જોવામાં આવતું નથી તો અન્ય સ્થળે કયાંથી હોય ? દરેક રજપુત ખાસ કરીને જેઓ અજ્ઞાન છે, તેઓ એક બીજા સાથે ધિક્કારની નજરથી જુએ છે, અને એક બીજાની સારી સ્થીતિનું ભાન થતાં બળાપો કરે છે. બની શકે તો, નહિ જેવા કારણોથી વેરભાવ ઉત્પન્ન કરી તેને તેમની ઉચ્ચ સ્થીતિમાંથી તોડી પાડે છે. કોઇના પણ ભલામાં આપણો ભાગ સમાયલો છે, પરંતુ કોઇના દુઃખમાં ભાગ લઇ શકતા નથી. ઘણો રજપુતોમાં બોડમાંના કુતરા જેવી માઠી ટેવ વારંવાર જોવામા આવે છે; એટલે તેઓ બીજાનું પરોપકારાર્થે ભલું કરી શકતા નથી, એટલુંજ નહિ પણ બીજા જેઓ ભલું કરવાને તત્પર થયા હોય છે તેઓને, પોતાના કુવિચાર દર્શાવી પરોપકારનાં

શુભ કૃત્ય કરતા અટકાવે છે. પોતાની અંદર જે દુર્ગુણો હોય છે. તે સામા માણસમાં જુએ છે. કોઈએ સારૂં પ્રશંસાને પાત્ર હોય એવું કામ કર્યું હોય, તો તેને ઉત્તેજન ન આપતાં, તેમાં છિદ્ર ખોળતાજ હોય છે; અને કોઇના અશુભ કૃત્ય માટે તો જરૂર નિંદા કરવાને તત્પર થાય છે. એ પ્રમાણે જેમ એકે કર્યું તેમ બીજા પણ દેખાદેખીથી, ગાડરીઆ પ્રવાહ પ્રમાણે કરતા જાય છે. જેમ સિંહનું બચ્ચું ઘેટાનાં ટોળાંમાં રેહેવાથી પોતાના ખરા સ્વરૂપનું ભાન ભૂલી જઈ પોતે પણ ઘેટું છે એમ માની લઇ ઘેટા પ્રમાણે વર્તે છે, અને ખરા સિંહની નજરમાં ધિક્કારને પાત્ર થાય છે. તેમ હાલના આપણા રજપુત બંધુઓ પોતાના ધર્મ નહિ જાણવાથી લોક નિંદાને અને અધમ સ્થીતિને પાત્ર થયા છે. તેઓ કુંભકર્ણની ઊંઘમાંથી કયારે જાગૃત થશે અને સ્વધર્મ પ્રવર્તાવશે તે હું કહી શકતો નથી. ધર્મનાં કામને એક ખૂણે મૂકી પાપનાં કામો કરવામાંજ આસકત થઈ રહ્યા છે. માંસાહાર કરવો, મધુપાન કરવું, પરસ્ત્રીગમન કરવું, એ ગુણો તો ખાસ ઘણા જણને વારસામાં મળ્યા હોય એવું દેખાય છે, એમાંજ પોતાના બાપદાદાનો ધર્મ રહેલો હોય છે. એમ માની બેઠા છે. તેમ ઠાકોર સાહેબો અને ગરાસીઆઓમાં એ ગુણ વિશેષ જોવામાં આવે છે. કેળવણીનાં નામપરતો સાંભળતાંજ લાતો મારવા મંડી પડે છે, અને હલકા વિચારો કરી, જણાવે છે; કે સ્ત્રી અને પુરૂષો ઉભય કેળવણી લીધાથી બગડી જાય છે, અવળે માર્ગે દોરાય છે. આવા વિચારો કરવા, તે કરતાં બીજી વધારે વખોડવા લાયક મૂર્ખાઇ તેમની કઈ છે ?

કેવળણીથી જ્ઞાનરૂપી ચક્ષુઓ ખુલે છે. કેળવણી રૂપી હથિયારથી નેત્રોને ખોલવામાં આવે છે ત્યારે સારાનરસાનું ભાન થાય છે. અને એવું ભાન થાય છે, ત્યારેજ વ્યવહારિક અને લોકોપયોગી કામ સરલતાથી થઈ શકે છે. આ સંસારરૂપી સમુદ્ર તરી જવાને જ્ઞાન એ વહાણરૂપ છે. સુબોધની અસર હલકા અને અભિમાનથી ભરેલાં માયાના આવરણથી ઘેરાયલાં મન ઉપર જલદી થતી નથી. સારૂ કરવાની ઇચ્છા સર્વેમાં વ્યાપી રહેલી છે, પરંતુ સ્વાર્થને લીધે એ ઇચ્છા ફળીભૂત થતી નથી. બીજાનું ભલુ ઇચ્છવાથી આપણું ભલું થાય છે એ ઇશ્વરી નિયમ તજી દઈ, પોતજ પોતાનું કરવા મંડી જાય છે. પરતુ તેમ કરવાની શકિત પોતાની અંદર રહેલી નથી, એવું જાણવામાં આવે છે ત્યારે, દુઃખના ખાડામાં પડી દૈવને આધિન થાય છે. અજ્ઞાનતાએ કરીને બધાએ પોતાની શકિતને નષ્ટ કરી નાખી છે. પોતાની આજીવિકાનું સાધન જે કૃષિ વિષય છે તેનું પણ પૂર્ણ જ્ઞાન ધરાવતા નથી. જે કામ જાતે કરવા જેવું છે, અને જાતે કરવાથીજ વધારે સારી રીતે થઇ શકે એમ છે, તે કામ ચાકરો પાસે કરાવે છે; અને પોતે આળસુ થઇ આનંતમ ભટક છે. એક કહે છે કે અમે વાંસીયા રજપુત છીએ, અને બીજા કહે છે; કે હું છાસટીઓ છું. વળી કોઇ કહે છે; કે અમે જાડેજા છીએ; ગજવાના વર છીએ. આવું મિથ્યાભિમાન કરી માંહોમાંહે લડી મરે છે. પરંતુ અફીણના ગઠ્ઠા અને દારૂના બટ્ટા ચઢાવવામાં વતન ગુમાવી બેઠા છે, અને પરિણામે ઘરનાં ડાંડા વેચવાનો વખત આવશે તોએ ઉંચું ભાળી જોતા નથી. એવા માણસો

પછી કન્યાવિક્રયને પણ ઉત્તેજન આપે એમાં કંઈ નવાઇ જેવું નથી. આવી અધમ સ્થીતિએ પહોંચ્યા છતાં પણ પોતાની સ્રીઓ ઉંચ જાત્યભિમાનને લીધે પોતાને કરવા જેવાં કામ જાતે ન કરતાં વખત અને પૈસાનો ભોગ આપી ઘરમાં સ્રી-નોકર રાખે છે આ બધાનું આખરે એવું પરિણામ આવ્યું છે; કે વર્ણશંકર પ્રજા ઉત્પન્ન થઈ, સ્વધર્મનો ત્યાગ કરી નીચ કૃત્યો કરવામાં આસક્ત થયા; સેંકડે પોણોસો ટકા વ્યસની થઇ ગયા; અને કેળવણીનું તો મૂલજ નીકળી ગયું. આવી સ્થીતિમાં સંસાર સમુદ્રમાં ડુબકાં માર્યા કરીએ છીએ. અને પ્રતાપી અંગ્રેજ સરકારનાં મહાન્ આશ્રયદાયક વાવટાની છાયા ન હોત તો ક્યારનાએ ડૂબી ગયા હોત.

લી૰

શુભેચ્છક.

॥ ॐ नमः शिवाय ॥

# ઉદયશૈલી.

મુ૦ કારેલી તારીખ ૨૩-૩-૧૧.

શ્રીમાન્ જગદ્દ્ગુરૂદેવ આચાર્ય ભગવાન શ્રી માધવાતીર્થસ્વામી શારદા પીઠાધીશ્વરની કૃપાદૃષ્ટિ દ્વારાએ અને ક્ષત્રિયકુલ વિજય-ભાનુસ્વરૂપી ગુરૂશ્રી પરમહંસ પરમાનંદ સરસ્વતીના મહાન પ્રયાસથી ભારતીય પ્રજાનું શ્રેયસ સાધવાને ક્ષત્રિય પ્રજામાં ચલાવવા અર્થે આ શૈલી યોજી કહાડી છે તેનો ઉપયોગ આપણને સવ જાતની છુટ આપનાર નામદાર બ્રિટિશ સરકારના ન્યાયી ઝુંડા તળે ભારત ભૂમિની નિમકહલાલ ગણાયેલી, ક્ષત્રિય પ્રજા; સ્વધર્માનુસાર નીતિરીતિને અનુસરીને; કેળવણીનો અમૂલ્ય લાભ સંપાદન કરવામાં; પોતાના ક્ષત્રિયધર્મને પુનઃ પુનઃ જાગૃત કરવામાં; પોતાના પુર્વજોની મેળવેલી કીર્તિ પ્રાપ્ત કરવામાં; ને બ્રિટિશ સરકાર અતિ પોતાની ફરજ અદા કરવાનું પગલું ભરવામાં; આ ક્ષત્રિય કોમને ઉદય કરવાની આશાથી આ સભામાં એકઠા થયલા ક્ષત્રિય તનુજો પોતાની સ્વજ્ઞાતિમાં ચલાવવા પ્રયત્ન કરશેજ, એવી અમે આશા રાખીએ છીએ; અને પોતાની ભવિષ્યની પ્રજાના ઉદયઅર્થે પોતાની કોમના મૂળ પુનઃ પુનઃ જાગ્રત કરશેજ.

નામદાર બ્રિટિશ સરકારની રાજરીતિના પ્રસરેલા શાન્તિના અમલમાં, દરેક પ્રજાએ કેળવણીનો લાભ લીધો છે; અને રાજ્ય સેવા બજાવવામાં સામીલ થઇ છે; પરંતુ એ રાજ્ય સેવા પોતાના ઉદર નિર્વાહ અર્થેજ રહેલી છે; એવું સર્વ પ્રજાના તથા નામદાર બ્રિટિશ સરકારના જાણવામાં અને જોવામાં છે; પણ નામદાર બ્રિટીશ

સરકારની રાજ્ય સેવા પોતાની નિમકહલાલીનું ગૌરવ સમજી અદા કરવાનો, અને વફાદારીનો લાભ, રાજપુત્ર સિવાય ઇતર પ્રજાએ કવચિતજ લીધો હશે. આશા છે કે; ભારતભૂમિની ક્ષત્રિય પ્રજા પોતાની ભવિષ્યની પ્રજાને નામદાર બ્રિટીશ સરકારનું રૂણ અદા કરવાના હેતુથી સમગ્ર પ્રજાની શારીરિક, માનસિક અને આર્થિક સ્થીતિને ઉન્નતિના દ્વારમાં લાવવાને નીચેની શૈલી અમલમાં મૂકી, તે પ્રમાણે ચલનવલન કરવાનું પગલું ભરશે, એવો આ સભાનો ઐકયથી દૃઢનિશ્ચય થયો છે.

## તાલુકા કમિટીને લગતા નિયમો.

૧. તાલુકાના દરેક રજપુતી ગામે, એક મેંબર અને બે પંચ નિમવા.

૨. મેંબર તથા પંચોએ સ્વધર્મ, કેળવણી અને ક્ષત્રિય કોમમાં જે જે નીયમો ચાલુ થશે તે તે નિયમ વિરૂદ્ધ ચાલનાર ક્ષત્રિઓએ કરેલા ગુન્હાની ચોકસાઈથી ખાત્રી કરી, તે ગુન્હાની જાહેરાત, તે ગુન્હેગારની સ્થીતિ સહ તાલુકાની નીમાયલી કમીટીના મુકરર કરેલા સ્થળમાં રજીસ્ટ્રારમાં જાવક નોંધી પહોંચાડી પાવતી મેળવવી.

૩. મેળવેલી પાવતી તથા બીજા કાગળો નિયમસર રાખવા. કાગળો તથા હિસાબ દરેક ક્ષત્રિય ગૃહસ્થને જોવાનો હક છે; માટે માંગે તો બતાવવો.

૪. ગામે જે ગુન્હા બને તેની ચોકસી કરી જાહેરાત આપવામાં, મેંબર તથા પંચ આંખ આડા કાન કરે તો જવાબદાર થશે. અને તેને મરોડ વિભાગની અધીકારવાળી કમીટી નિયમને અનુસરી શાસન કરશે.

૫. તાલુકાના કેળવાયલા ક્ષત્રિયને મેમ્બર તરીકે તાલુકા કમીટીમાં ચુંટણીથી પસંદ કરવા અને તે મેંબરે તાલુકા પ્રમુખે મુકરર કરેલે દિવસે અને સ્થળે હાજર થઇ પોતાના તાલુકાના પ્રમુખપદે નિમાયલા પ્રમુખની સાથે જ્યુરીમાં બેસી, તાલુકાની હદમાંથી આવેલી જાહેરાતનો નીકાલ કરવો. પણ તે નિકાલ ગુન્હેગારની સ્થીતિ અનુસાર પોતાને મળેલા અધિકાર અન્વયે વધુ મતે કરવો. ગામાત મેમ્બરોને રદ કરવાનો અધિકાર તાલુકા કમીટીને, અને તાલુકા કમીટીના મેમ્બરોને રદ કરવાનો અધિકાર કોન્ફરન્સને છે.

૬. કમીટીએ નિકાલ કરેલા ગુન્હાની યાદી ગામપર લખી જણાવેથી, તે ગામના મેમ્બરે તથા પંચોએ દંડ વસુલ કરવાની તથા જે હુકમ તાલુકા કમીટી ફરમાવે, તેની વ્યવસ્થા કરવાની તજવીજ કરવી.

## નાણાં સંબંધી નિયમો.

૭. દરેક ગામે છાપેલી ડુપ્લીકેટ પાસબુક નમુના નંબર ૧ ની તથા એક રોજમેળ નમુના નંબર ૨ નો રાખવો.

૮. દંડની તથા ફંડની, ભેટની, તથા વાર્ષિક ઉપજ, દરેક ગામના મેંબરે તથા પંચોએ માસ આપી વસુલ કરવી.

૯. પાસમાં આવેલી રકમ ક્રમવાર રોજમેળમાં નોંધી હીસાબ ચોકસ રાખવો.

૧૦. રૂ. ૧૦ ) ની ઉપરાંત શીલક થાય, કે તેનું કમીટીના સ્થાનમાં ભરણું કરી, પહોંચ મેળવી દફતરે રાખવી.

૧૧. તાલુકા કમીટીના સ્થાનમાં તાલુકાની ઉપજનું ભરણું તે રકમમાંથી રૂા૦ ૫૦–૦–૦ પચાસની શીલક જાથુને માટે રાખી, ઇતર ઉપજ જેમ આવે તેમ દરેક તાલુકાની નીમાયલી કમીટીએ બેંકમાં " **ક્ષત્રિય હિતવર્ધક કેળવણી શાખા, મરોઠ વિભાગ** " એ નામનું ખાતું ખોલાવી, તેમાં જમા કરાવી, પહોંચ મેળવી ચોકસીથી દફતરે રાખવી. વહિવટ કરનાર તરીકે તાલુકા કમીટીમાં નીમાયલા બે મેમ્બરો રાખવા.

૧૨. કમીટીના તરફથી જે નાણા નીમેલા સ્થાનમાં જે જે તાલુકાની બેંકમાં જમા કરાવવામાં આવે તેની યાદી દરેક તાલુકાની કમીટીએ દરેક માસની આખર તારીખે કામ કરવા નિમાયલા કોંગ્રેસના તંત્રી તરફ રવાના કરવી.

૧૩. આવેલી રકમ પૈકી ક્ષત્રિય બાળકોને કેળવણીનો લાભ આપવા સારૂ જે વ્યવસ્થા કરવાની જરૂર પડે તો સભા તરફથી ચુંટાયલા મેંબરોને નાણા આપવાનો અધિકાર છે.

૧૪. જેઓ આ શૈલીમાં કામ કરવા નીમાય તેઓ એક વરસ માટે છે એમ સમજવું, જ્યારે વાર્ષિક કોન્ફરન્સ ભરાય ત્યારે જો તેમને બીજા વરસ માટે તે તાલુકાનો તથા ગામનો અભિપ્રાય હશે તો કાયમ રાખવાને હરકત નથી.

૧૫. વરસ માટે ચુંટાયલા મેમ્બરોએ તાલુકાની કમીટી ભરાય ત્યારે એકઠા થઇ સુધારો વધારો કરવો ઇષ્ટ જણાય તો તે કરવો. ભોજન સાદું રાખવું અને એ ખર્ચ ફંડમાંથી કરવો પડે તો હરકત નથી.

૧૬. દર વરસે એક કોન્ફરન્સ સાતે જીલ્લાની ભરવી, તે કમીટી ખર્ચે, અને તેમાં સાદું ભોજન રાખવું, સ્થળ આગળી કોન્ફરન્સમાં નકકી થશે.

૧૭. દરેક ગામે તથા કમીટીમાં તથા પ્રમુખ પાસેના કાગળો નમુના પ્રમાણે રાખવા અને તે ઉપર કોન્ફરન્સના સહી સીકકા હોવા જોઇએ. તે ઉપરાંત પ્રમુખની તથા પ્રમુખ અધિકાર આપે તેની, સહી કરવી. સીક્કો તંત્રી પાસે રાખવો અને કોન્ફરન્સ માગે તો તેજ વખતે રજુ કરવો.

ઉપર પ્રમાણેની શૈલી આ ક્ષત્રિય કોમની સમગ્ર પ્રજાની ઉન્નતિ માટે અમલમાં લાવવી. એજ અરજ, તા. ૨૩–૩–૧૧.

લખી.

ક્ષત્રિય તનુજોનો સદાનો સેવક ને આજ્ઞાધીન,

**રણા રતનસિંહ ખુશાલસિંહ**

બારીદરા, મહાલ વેળાછા.

# સાત પરગણાની રાજપુત્ર ચતુર્થ પરિષદ્.



મુ૦ કરેલી તા૦ ઓરપાડ. તા૦ ૨૩-૩-૨૧.

## રા. છીતાભાઇ અદીભાઇ ગોથાણકરે રજુ કરેલી દરખાસ્ત.

અત્રે પધારેલા મહાશયો ! રાજપુત્રો ! અને અન્ય ગૃહસ્થો ! આ સંસ્થામાં આજે ચોથી પરિષદ્ મળેલી છે. પરંતુ કહેવાને દીલગીર છું કે;—માત્ર વિવેચન સિવાય કોઇપણ કાર્ય હજુ સુધી અમલમાં મુકી શકયા નથી. "કહેવું એ સહેલ છે," પણ "કરવું એ ખરેખર મુશ્કેલ છે." એ ઉપર વિદ્વાનોનો વિચાર નીચે મુજબ છે.

" अनारंभोहि कार्याण। प्रथमं बुद्धि लक्षणम् ॥

" કોઇ પણ કાર્યનો આરંભજ ન કરવો " કારણ તેમાં ઘણા ઘણા વિક્ષેપો આવશે, એવો વિચાર પ્રથમથીજ કરી જેવી સ્થીતિમાં પડયા છીએ તેવી સ્થીતિમાં પડી રહેવું એ બુદ્ધિનું પહેલું લક્ષણ છે.

" आरंभ्या दन्त गमनं द्वितियं बुद्धि लक्षणम् "

જો કોઇ પણ કાર્યનો આરંભ કર્યો તો તેને પાર પાડવું એ બુદ્ધિનું બીજું લક્ષણ છે. પણ વિચાર કર્યા વિના કોઇપણ કાર્યનો આરંભ કરી તેમાં જ્યારે અનેક પ્રકારની પ્રતિકુળતા અને વિક્ષેપો નડે એટલે તેને છોડી દેવું એ ખરેખર અધમાધમ પુરૂષનું લક્ષણ છે. મારા સ્નેહી અને પ્રેમી ગૃહસ્થોએ આ પરિષદ્ આરંભી છે. તેથી મને ઉત્સાહ થાય છે, પણ કાંઈ હજુ સુધી અમલ કરી શકી નથી તેથી દીલગીર છું. મારો પિણ્ડ બ્રહ્મ યોનિમાં છે, પરંતુ ક્ષત્રિયાન્નથી પોષાયલો છે જેથી ક્ષત્રીઓને માટે મારી તીવ્ર લાગણી હોવાથી મેં કાંઈક શ્રમ ઉઠાવ્યો છે, તે સ્વીકારશો.

## (૨) પરમહંસ મહાત્મા શ્રી પરમાનંદ સરસ્વતિનો ઉપકાર.

વળી જે મહાત્મા ક્ષત્રિય કોમને સુધારવાને ખાતર સ્વાર્થ છોડી, પરમાર્થ માટે સ્વાત્માર્પણ કરી રહ્યા છે; જેમણે તન, મન અને ધન સર્વે રાજપુત્રોને અર્પણ કર્યું છે; જે માનાપમાન કાંઈજ ન ગણકારતાં નિરંતર સદુપદેશ આપી આપણી કોમમાં ઉચ્ચ વિચારોનું બીજ રોપ્યા જાય છે; જે પોતાનું જીવન રાજ્ય પુત્રોની ઉન્નતિ માટેજ છે, એમ સમજે છે; તે મહાત્મા શ્રી પરમહંસ પરમાનંદ સરસ્વતીનો ઉપકાર માની વેરાઇ જવાનું નથી, પણ તેમને પોતાના કાર્યમાં જે જે વિક્ષેપો આવે છે, તે તે વિક્ષેપો દૂર કરી આપી, પૂજ્યશ્રીની એક નિષ્ઠાથી સેવા બજાવવી એ આપણો ધર્મ છે એમ સમજી તેમને વધાવી લેવા જોઇએ.

(૪)

સદરહુ પરિષદનું અમુક સ્વરૂપ બંધાવવાની આવશ્યકતા. સભા મંડપના ત્રણ વિભાગ હોવા જોઇએ. પ્રમુખ અને ઉપપ્રમુખોનું મંડળ, ડેલીગેટનું મંડળ, ને ત્રીજું પ્રેક્ષક વર્ગનું મંડળ. આપણા સાત પરગણાઓ પૈકી પ્રતિષ્ઠિત, કાર્યદક્ષ, અને કેળવાએલા ગૃહસ્થને તે પરગણાના ઉપપ્રમુખ તથા અન્ય ડેલીગેટ મળીને એક પ્રમુખ નીમે. એકંદર આઠ મનુષ્યનું પ્રમુખ મંડળ બનાવવું. વધુ મતે હરકોઇ ઠરાવ પાસ કરવો. પણ ડેલીગેટો તરફથી વધુ મતે ને દરખાસ્ત આવેલી હોવી જોઇએ.

બીજા વર્ગમાં ડેલીગેટો દાખલ કરવા. તેમને પરિષદ્‌માં અમુક દરખાસ્ત મુકવાનો તથા તે ઉપર વિવેચન કરવાનો હક આપવો. પ્રમુખ મંડળને વધુ મદદની જરૂર પડે અને મહત્વનો સવાલ હોય ત્યારે ડેલીગેટોમાંથી પણ મત લેવા અને વધુ મતે ઠરાવ પાસ કરવો. ડેલીગેટોમાં બન્ને પક્ષ સરખા હોય તો બીજા માણસો ઉમેરવા. બીજે દીવસે કયા કયા વિષયો સંબંધી ચર્ચા થવાની છે તે આગલી રાત્રે માત્ર પ્રમુખો અને ડેલીગેટો એકઠા થઇ નિશ્ચય કરે; તેમાં કોણ દરખાસ્ત મુકનાર છે; તેમને કોણ કોણ અનુમોદન આપનાર છે; તે બાબતમાં વિરૂદ્ધ મત છે કે નથી; હોય તો ઓછા કે વત્તા પ્રમાણમાં: દરખાસ્ત પાસ થશે કે ઉડી જશે; વગેરે બાબતનો વિચાર કરી પ્રોગ્રામ તૈયાર કરવો; કે બીજે દિવસે જાહેર સભામાં વિક્ષેપ પડે નહિ. અને શાંન્તિથી કાર્ય થાય. જો દરખાસ્ત ઉડી જાય તો તે દરખાસ્ત બીજે દિવસે મુકવી નહી. અર્થાત્ ડેલીગેટોમાં તે દરખાસ્ત પાસ થાય તોજ બીજે દીવસે જાહેર સભામાં મુકવી.

ત્રીજા વર્ગમાં પ્રેક્ષક વર્ગ રાખવો તેમને રાત્રિની મંત્રિ સભામાં બેસવાનો અને દરખાસ્ત મુકવાનો કે મત આપવાનો હક નથી. માત્ર કયા કયા ઠરાવો પસાર થયા, અને પરિષદમાં કયા વિષયો ચર્ચાયા તેજ જાણી શકે અને જોઇ શકે.

હવે મારા વિચાર પ્રમાણે આ બંધારણ ઉપરથી ફંડ ઉભું કરવામાં મદદ મળશે. પ્રેક્ષક વર્ગની પાસ ફી રૂ૦ ૧-૦-૦ ડેલીગેટોની ફી રૂ૦ ૩-૦-૦ અને પ્રમુખોની રૂ૦ ૫-૦-૦ વાર્ષિક પરિષદ્‌માં ભરવાનું મુકરર થાય તો વરસ દહાડે રૂ૦ ૧૦૦૦) ની આવક થશે. અને પોતે ભાગ લેવા ખાતર પૈસા પણ ઉમંગથી ભરશે. તે પૈસાનો બીજો વ્યય નહીં પણ સુધરેલ પંક્તિના વ્યવસ્થાપક નીમી ઉંચી કેળવણી લેવાવાળા વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવામાં કરશો તો ઘણો ફળદાયક નીવડશે.

(૫)

સભામાં પ્રવેશ કરનારે નીચેના નિયમો જાળવવા જોઇએ. કારણ—એથી સુધરેલ વર્ગને ઘણી માઠી છાપ પડે છે; અને કાર્ય સિદ્ધિમાં પૂર્ણ અવઘડ પડે છે.

## નિયમો

૧ સભામાં બીડી પીવી નહિ.

૨ સ્વચ્છ અને પૂર્ણ ડ્રેસે પધારવું.

૩ નિશાભરી સ્થીતિમાં પધારવું નહિં.

૪ સભા મંડપમાં થુકવું નહિં.

૫ સભ્યતાથી વર્તવું અને અધિકાર ઉપરાંત વર્ત્તન ચલાવવું નહિ.

૬ સર્વેની યોગ્યતા પરસ્પર જાળવવી.

પરિષદ એકત્ર કરનારને અન્ય સ્થળેથી આવનાર ગૃહસ્થોને માટે બિછાનું એકઠું કરતાં તેમજ તેની વ્યવસ્થા કરવામાં ઘણી મહેનત પડે છે, તે માટે દરેક ગ્રહસ્થે તે પોતાની સાથેજ લેતા આવવું જોઇએ; કે જેથી પરિષદ એકત્ર કરનારને માત્ર ભોજન તથા મંડપને લગતીજ સવડતા કરવાનું રહે જે પૈસા ખરચતાં પણ સહેલથી બની શકે.

જો આ પ્રમાણે પરિષદ બંધારણ પકડશે તો પોતાના ઇષ્ટ કાર્યમાં ઘણી ચપળતાથી આગળ વધશે એ નિઃસંશય છે. અને સુધરેલી રીતી પ્રમાણે આવા નિયમમાં આવવા જરૂર છે.

## (૬) કેળવણી.

ભૂતકાળની પરિષદમાં કેળવણીનો વિષય બહુજ ચર્ચાયો છે કેળવણીનાં ફળ સમજાયાં છે. પરંતુ બીજ રોપાયાં નથી. તેને માટે પૈસાનો સવાલ ઉભો થયો. વીસ હજારની મોટી રકમ એકઠી થાય તોજ બોર્ડીંગ ખોલી શકાય, પણ રકમ એકઠી થવી એજ અસંભવિત છે. જો દરેક ગૃહસ્થ પોતપોતાનો ફાળો આપે તો બની શકે, પણ "લક્ષ્મીબાઇના રૂસણા" માટે મારી સમજ પ્રમાણે તાત્કલિક બોર્ડિંગ સ્થાપવાની યોજના કરતાં, ઉંચી કેળવણી લેનાર વીદ્યાર્થીને સ્કૉલરશીપ આપવાની યોજના હાલ અનુકુળ પડશે. જો ૧૦૦૦ રૂપિયા વાર્ષિક પરિષદની ફી એકઠી થાય તો તે ત્રણ ટકા પ્રમાણે રૂા. ૩૩૬૬૬–૧૦–૮ નું વ્યાજ થયું, અને તેમાંથી ઓછામાં ઓછા નવ વિદ્યાર્થીઓ ભણી શકે.

"ફંડ એકઠું થશે," "કાંઈ કરીશું, એમાં કાંઇ થવાનું નથી. હાલ બેમાંથી ગમે તે યોજના પસંદ કરી આચારમાં મુકવી એ આપણી ફરજ છે. કહ્યું છે કેઃ—

"श्वः कार्य मद्य कुर्वित पूर्वाह्नेचा पराह्निकमः"

કબીર પણ હિંદુસ્તાનીમાં કહે છે કેઃ—

"કાલ કરે સો આજ કર, આજ કરે સો અબ"<br>
"કહે કબીર વખત જાતા રહે, ફીર કયા કરેગા કબ."

માટે ગમેતે નિશ્ચય કરી અમુક રસ્તે ઉતરી પડવું જોઇએ. કયાં તો ખેતી કરનારના બે વર્ગ પાડી દરેક હળ દીઠ અમુક દર ઠરાવી દરેક પરગણામાંથી પરગણાના મુખીએ ટુંક મુદતમાં રકમ એકત્ર કરી ભેગા થઇ સારા વ્યવસ્થાપકોના હાથ નીચે, મધ્યસ્થળમાં બોર્ડિંગ સ્થાપવી. અથવા આવી ફી તરીકેની રકમ એકઠી કરી સ્કોલરશીપો આપવી.

## (૭) મદિરા નિષેદ્ધ.

રાજપુત્રોની અવદશાનું મુખ્ય કારણ સુરાપાન. સુરાપાનથી લોકોનાં તન ગયાં, મન ગયાં, અને ધન ગયાં, ગરાસ ગયાં, ઘરબાર ગયાં, અને બેહાલ બન્યા. એ આ-

પણ પ્રત્યક્ષ જોઇએ છીએ. વડવાઓએ કેટકેટલી હીંમતભરી બહાદુરી બતાવી. જાનને જોખમમાં નાંખી, પોતાના વંશજોને માટે મેળવેલા ગરાસ લેકો ગીરો મૂકી, વેચાણ કરી ખોઇ બેસે છે. અને વંશજોને પાયમાલ સ્થીતિમાં મૂકી જાય છે. શું વડીલોપાર્જીત ગરાસ ગીરો યા વેચાણ કરવાનો તેમનો હક છે? ભલે. પોતે છાણમાં તરવાર મારી મેળવેલા ગરાસની મનમાનતી વ્યવસ્થા કરે, પણ વડીલોપાર્જીત મીલકત વેચાણ યા ગીરો કોઇપણ ન મૂકી શકે, એવો બંદોબસ્ત થવો જોઇએ.

મારા સુજ્ઞ બંધુઓ! જેઓ એ લતમાં સપડાયા છે તેઓ ભલે સડે, પણ તમો સપડાશો નહીં એથી બહુ લાભ થશે. એક પિતાનો એક પુત્ર જે રાક્ષસી વ્યસનથી મૂક્ત છે, તે પોતાની પિતા ઉપર કેટલી બધી અસર કરશે? પુત્રનું ચલણ થયું કે પિતાને તેના અંકુશમાં રહેવાની ફરજ પડશે. અને આપો આપ ટુંક મુદતમાં એ દુર્વ્યસનનો નાશ થશે.

મહાત્માશ્રીએ ઉપવીત પહેરાવ્યાં; બેચાર કહેવા મળ્યા; શરમ ન છંડાઇ; જનોઈના ત્રાગડા કોટે ઘાલ્યા અને બળદની ઘુઘરમાળની પેઠે પાછાં કાઢી, લાલબાઇને ઘરમાં ઘાલી, રૂસ્તમજી શેઠના ગલ્લા તર કર્યા, એના જેવો આજકાલ પુરૂષાર્થ કયો છે.

## (૮) રજપુત કોમના લગ્ન પ્રસંગના હક મુકરર થવાની આવશ્યકતા.

રાજપુત્રોની અવનતિ થવાનું બીજું કારણ લગ્ન પ્રસંગના હકની કોઇ પણ પ્રકારની હદ નથી તે છે. પોતાના વડિલોની મહત્તા પ્રમાણે જ્યાં જ્યાં ઉતાર હોય ત્યાં ત્યાં પોતાની કન્યાઓ ઉતારે છે, અને સામા પક્ષકારો મરજી મૂજબ દગ્ધે છે, તેથી કન્યાના બાપની આર્થિક સ્થીતિમાં ઘણો ફેરફાર થાય છે, માટે જેમનો જ્યાં ઉતાર હોય ત્યાંજ ઊતરે, અને લગ્ન પ્રસંગના હક પણ નકકી થાય તોજ લાભ છે, નહિતો ગરાસનો ગ્રાસ (કોલીઓ) શાહુકાર વર્ગ કરી જશે.

વળી અબળાઓનો નિસાસો ઘણો ફળદ્રુપ નીવડે છે "નિસાસો એજ શાપ, અને અંતરાશીશ, એજ વરદાન" જે પુરૂષ ગાય જેવી અબળાને જન્મ પર્યંતની કેદમાં નાખી તેની ખોરાકી પોશાકી અને કુળને ઘટતી સવડતા ન કરી આપે, તે ખરેખર ખપ્પરમાં રાખનારી યોગિનીના કોપમાં (સ્ત્રીના નિસાસામાં) સપડાય છે; અને ઘઊંમાં રહેલાં કીડાંની માફક મનુષ્ય રૂપી ઘઊંની ખાખ બનાવે છે; માટે સ્ત્રીના ભરણ પોષણની વ્યવસ્થા કર્યા સિવાય બીજી સ્ત્રી સાથે લગ્ન કરવું જોઇએ નહિ. અને વિધવા સ્ત્રીઓના નિર્વાહ માટે પણ બનતી સોઇ કરી આપવી જોઇએ. એ બાબતપર વિશેષ લક્ષ આપવાની આવશ્યકતા છે.

સંયોજક.
રા૦ ઇશ્વરલાલ પ્રાણલાલ શુકલ
માંડવીકર.

પ્રકાશક.
છીતાભાઇ અદીભાઇ.
ગોઘાણકર.

---

કારેલી મુકામ. બીજો દિવસ. તારીખ. ૨૪-૩-૧૧

કારેલી ચતુર્થી. પરીષદમાં ઉતરાણના રા. હરીભાઇ પ્રતાપસીંગ તથા જીલ્લેદાર બેચરભાઇ નાથાભાઇની દરખાસ્ત રજુ થતાં સર્વાનુમતે નીચે પ્રમાણેના ઠરાવો પસાર થયાછે.

## ઠરાવો.

૧ કેળવણી ફંડના સંબંધમાં ન્યાતિએ અમુક ફંડ રચવું.

૨ કોન્ફરન્સમાં મુકરર કરેલા ઠરાવના રૂલ પ્રમાણે વાર્ષિક ઉપજમાં, જે તે ગામે, કન્યા તથા. વરના લગ્ન વખતે, તથા મૈયત ખર્ચ વખતે, રૂા. ૫-૦-૦ દર કાર્યે લેવા; અને તે રૂા. કેલવણી ફંડમાં જમા કરાવવા. રૂા. વસુલ આપનારને મુકરર કરેલી પાસ આપવી.

૩ દારૂ વીગેરે અભક્ષ્યા ભક્ષ્ય કરનારની પાસે, રૂા. ૫-૦-૦ પાંચ ન્યાતે લેવા, ઉપનયન સંસ્કાર નવેસરથી કરવો, કરાવવો. આ પૈસા કેળવણી ફંડમાં જમા રાખવા. (આઠ વરસથી. વધુ ઉમ્મરના દરેક માણસને લાગુ છે.)

૪ બાળ લગ્ન નહિં કરવું, જગત્‌ગુરૂ શ્રી શંકરાચાર્યની આજ્ઞા અનુસાર કન્યાની ઉમ્મર ઓછામાં ઓછી બાર વરસની હોવી જોઇએ, અને વરની ઉમ્મર કન્યાની ઉમ્મર કરતાં ઓછામાં ઓછી ચાર વરસ વધારે હોવી જોઇએ; પરંતુ કારણસર લગ્ન કરવાની જરૂર પડે તો કમીટીની પરવાનગી મેળવવી. પરવાનગી આપવી યા નહીં આપવી તેની મુખત્યાર તા. કમીટી છે. આ ઠરાવથી વિરૂદ્ધ વર્તન કરનાર ઉભય પક્ષકારો પાસે રૂા. ૨૫-૦-૦ પચ્ચીસ લેવા.

૫ કન્યા વિક્રય કરનાર ઉભય પક્ષ પાસે રૂા. ૫૧-૦-૦ એકાવન લેવા, તથા આપલે કરેલી રકમ કમીટી ખાતે જમા રાખવી, ન આપે તો તેનો વેહેવાર બંધ કરવો. જીલ્લેદારોએ પોતાના તાલુકાના દરેક ગામના ક્ષત્રિય કોમના ઘરોની સંખ્યાની યાદી. નમુના નંબર ૪ પ્રમાણે રાખવી.

શદરહુ ઠરાવોનો અમલ સવત ૧૯૬૮ના કાર્તિક સુદ ૨થી કરવાનો છે.

## કારેલી ચતુર્થી કોન્ફરન્સમાં થએલા ઠરાવો કબુલ કર્યા બદલ પરિષદમાં હાજર થએલા જે જે ગૃહસ્થોએ સહી કરી છે. તે તે ગૃહસ્થોના નામ.

| | |
|---|---|
| ૧) મહીડા દા૦ છીતાબાવા જેસંગબાવા કોસાડી પ્રમુખ સાહેબ. તા. માંડવી. | ૧) જીલ્લેદાર નારસીંગ ખુશાલસીંગ દા. બાલુભાઇ ખુશાલસિંગ હાંસોટ. |
| ૧) રણા રતનસીંગ ખુશાલસીંગ બોરીદરા તંત્રી તા. વેલાછા. | ૧) જીલ્લેદાર પ્રભાતબાવા નાથાબાવા તુણા તા. વાલીઆ. |
| ૧) જીલ્લેદાર ભીમબાજી કાનબાજી કોસમડી. બાકરોલા તા. અંકલે. | ૧) જીલ્લેદાર રામોલ હીમતસંગ લીંબાડા તા. વેલાછા. |
| ૧) જીલ્લેદાર બેચરભાઇ નાથાભાઇ કુડીઆણા તા. ઓરપાડ. | ૧) જીલ્લેદાર રામસિંહબાવા કરએ માંડવી ઓરપાડ તાલુકો તા. માંડવી. |

૧) હરિભાઇ પ્રતાપસંગ શહી ઉતરાણ
૧) ગુમાનસંગ અમરસંગ શહી વડોલી.
૧) ઉમેદ માલજી સહી. ,,
૧) માના ખુશાલ સહી. ,,
૧) રામસંગ ખુશાલ શહી. ગોથાણ.
૧) જેસંગ હીમત શહી. ,,
૧) છીતા અદીભાઇ શહી. ,,
૧) ખુશાલ કાનબાજી શહી. કાશદ.
૧) રામસંગ ખુશાલ શહી. ,,
૧) ગણપત ખુશાલ શહી. ઉતરાણ.
૧) અનોપ જેસંગ શહી. વીહારા.
૧) અદીભાઇ દજીભાઇ શહી. પરીઆ.
૧) મેરજી ગોપાળ શહી. ઓરમ
૧) માના કેશર શહી. ગોલા.
૧) ગુમાન છીતા શહી. ટકારમા.
૧) ડાહ્યા હીમત શહી ,,
૧) બેચર હરિભાઇ શહી. ચોરયાશ.
૧) ડાહ્યાભાઇ અદેસંગ શહી. ઉમરાછી.
૧) પરબતસંગ ભગુભાઇ શહી. અણીતા.
૧) નારસંગ કાળાભાઇ શહી. સિયાદલા.
૧) છીતા મલજી ડહેલી.
૧) ભગુબાવા સામબાવા ,,
૧) ગણપતબાવા જોરાબાવા ,,
૧) ડાહ્યાભાઇ ધીરાભાઇ ,,
૧) મોહનબાવા પ્રભાતબાવા ,,
૧) જેસાબાવા કાળાબાવા સેડગામ.
૧) પરભુ માલજી ડહેલી.
૧) વસુબાવા બાપુબાવા ટંકરા.
૧) ઉમેદસંગ પરભુ ,,
૧) પ્રભાતબાવા ગંભીરબાવા કરસાડ.
૧) રામોલ નાના લીંબેટ.
૧) ઉમેદસંગ રામોલભાઇ ,,
૧) અનોપસંગ ભીમસંગ જીતાલી.
૧) મુલજીબાવા માનસંગ બીલોડ.

## અંકલેશ્વર તાલુકો.

૧) ભગુબાવા કેસરબાવા સિસોદરા.
૧) માનસંગ રામોલ ,,
૧) મોહનબાવા છીતાબાવા ,,

## વેલાછા તાલુકો.

૧) ગંભીરસંગ કુબેરસંગ માંગોલ.
૧) અનોપસંગ નારસંગ બોરીદરા.

## ચોર્યાશી તાલુકો.

૧) નાથા ધનજી વાંકાનેડા.
૧) છીતા ભગવાન પુણા.

## પેટાભાગ કામરેજ.

૧) બાબાભાઇ છીતાભાઇ સેવની.
૧) ગોવિંદ ઉમેદસંગ ,,
૧) મોહનભાઇ ભુલાભાઇ ,,
૧) રતનજી કાળાભાઇ સિયાદલા.
૧) સામભાઇ ભીમભાઇ કઠોદરા.
૧) મીરાબા માનસંગ વડોલી.
૧) મોહનસંગ બાઘરસંગ ,,
૧) દાજીભાઈ જીણાભાઇ વરાછા.
૧) પ્રથમ અભેસંગ કુડીઆણા.
૧) ભીમભાઇ ગુમાન કાસમ.
૧) નરસંગ ઉમેદ સિવાણ.
૧) કાનબાજી રાયસંગ દેલાડ.
૧) નાથા મેરજી દા. દાનજી ખુશાલ ભરથાણા.
૧) મેરજી હીમત ટકારમા.
૧) છીતા ફકીર કંથરાજ.
૧) ઉમેદસંગ માલજી ભાદોલ.
૧) ઉમેદ માના દા. ઉકા અમરસંગ ઉમરાછી.
૧) રામોલ હીમત દા. પરબત ભગુભાઇ અણીતા.
૧) દીપા વીરંમ ઓરાઘ.
૧) દીપસંગ મીઠા ભારૂંડી.
૧) બાબાભાઇ હરિભાઇ કારેલી.

## માંડવી તાલુકો.

૧) મર્ધોડા દા. ખુશાલસિંહ હિમતસીંહ માંડવી.
૧) વીરંમબાવા ભગવાનબાવા તરસાડા.
૧) ખુશાલસિંહ હમીરસિંહ માંડવી.
૧) હીમત ડાહ્યા તરસાડા.
૧) છીતબાવા અનોપબાવા પુના.
૧) ગુમાનસંગ સજાણ માંડવી.
૧) ઇશ્વરબાવા કાળાબાવા કોસાડી.
૧) દાજીબાવા ભગુબાવા તરસાડા.
૧) ભૂપતસિંહ લાલજીબાવા માંડવી.

## વાલીઆ તાલુકો.

૧) છીતાભાઈ અદીભાઇ ડહેલી.
૧) અનોપભાઇ વીરમભાઇ ,,
૧) અભેસંગબાવા રામસંગબાવા ,,
૧) પ્રતાપબાવા નારસંગબાવા આંબોલી.

## ઓરપાડ તાલુકો.

૧) સજાણ ઉમેદ કંથરાજ.
૧) રૂપસંગ નાથાભાઇ ,,
૧) જીણાભાઇ લાલસંગ કઠોદરા.
૧) કાળાબાવા વીરંમબાવા કડવાણ.

# રોજમેળનો નમુનો નં૦ ૧

# ક્ષાત્રિય હિતવર્ધક કેળવણી શાખા મરોઠ વિભાગ.

## મોજે વ્યારા તાલુકે ઓરપાડ જીલ્લે સુરતના ગામના ઉપજ ખર્ચનો રોજમેળ માહે નવેમ્બર સને ૧૯૧૧.

| જ | | ઉ | |
|---|---|---|---|
| ૮-૧૧-૬ | શ્રી પરાંત બાકી. | ૪૧-૪-૦ | તાલુકા કમિટીના પ્રમુખને ખાતે ઉધાર કાર્તિક સુદ ૩ બાબતે રૂા. ૪૧-૪ અંકે એકતાળીશ રૂપીઆ ચાર આનાનું ભરણું કર્યું, પહોંચ નં. ૯ કાર્તિક સુદ ૫ ની ફાઇલે સામીલ છે. |
| ૪૧-૪-૦ | શ્રી પેદાશ ખાતે જમા કાર્તિક સુદ ૨ પાસબુક નં. ૫થી નં. ૧૪ સુધીના કુલ ઉપજ રૂા. ૪૧-૪-૦ અંકે એકતાળીશ રૂપીઆ ચાર આના. હા. હિંમતસિંહ મોહનસિંહ. | ૦-૮-૦ | શ્રી ખરચ ખાતે ઉધાર કાર્તિક સુદ ૩ નું રૂા. ૪૧-૪-૦ નું ભરણું કર્યું તેના મનિઆર્ડર ખરચના રૂા. ૦-૮ |
| | ૫૦-૦-૬ અંકે પચાશ રૂપીઆ શુન આનો છ પાઇ દા૦ ભગુભાવા મધુભાવા. | ૮-૪-૬ | શ્રી શીલ્લક બાકી. અંકે આઠ રૂપીઆ ચાર આના છ પાઇ. |
| | | | ૫૦-૦-૬ અંકે પચાશ રૂપીઆ શુન આનો છ પાઇ દા૦ ભગુભાવા મધુભાવા. |

પાસબુક તથા રસીદબુક સાથે બરાબર મેળવી લીધું છે.

મહારાઉલ જયસિંહજી વિજયસિંહજી તાલુકા કમીટીના પ્રમુખ. ઓરપાડ.

પાશ નંબર.  અનુક્રમ નંબર.  નમુના નંબર.

## ક્ષત્રિય હિતવર્ધક કેળવણી શાખા મરોઠ વિભાગ.

મોજે  તાલુકે  જીલ્લે  ના ગામેથી જમા કરાવેલી રકમની પહોંચ.

| અનુક્રમ નંબર. | પાશ મેળવનારનું નામ. | ઉપજની વીગત. | | | | | કુલ ઉપજ. | રીમાર્ક. |
|---|---|---|---|---|---|---|---|---|
| | | કાયમ. | લગ્ન પ્રસંગની. | મરણ પ્રસંગની. | ભેટની | પરચુરણ | | |
| ૧ | ૨ | ૩ | ૨ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| | | | | | | | | |

તારીખ  માહે  સને.

પાસ આપનારની સહી.

પાશ નંબર.  અનુક્રમ નંબર.  નમુના નંબર.

## ક્ષત્રિય હિતવર્ધક કેળવણી શાખા મરોઠ વિભાગ.

મોજે  તાલુકે  જીલ્લે  ના ગામેથી જમા કરાવેલી રકમની પહોંચ.

| અનુક્રમ નંબર. | પાશ મેળવનારનું નામ. | ઉપજની વીગત. | | | | | કુલ ઉપજ. | રીમાર્ક. |
|---|---|---|---|---|---|---|---|---|
| | | કાયમ | લગ્ન પ્રસંગની. | મરણ પ્રસંગની. | ભેટની | પરચુરણ. | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| | | | | | | | | |

તારીખ  માહે  સને.

પાસ આપનારની સહી.

# નમુના નંબર ૩.

## ક્ષત્રિય હિતવર્ધક શાખા મરોઠ વિભાગ.

મોજે　　　તાલુકે　　　જીલ્લે　　　ની રાજપૂત્ર કોમની સ્થીતી દર્શાવનારૂં પત્રક શવંત　　　થન

| ઘરનો અનુક્રમ નંબર. | આગેવાન ગૃહસ્થનું નામ તથા અટક. | માણસોની સંખ્યા. | | | | | | ધંધો કરી શકે એવા માણસોની સંખ્યા. | | વિધવા સ્ત્રીનું પોષણ કેવી રીતે થાય છે. | નિર્વાહનું સાધન. નોકરી અને ખેતી કરતા હોય તો કેટલાં વિંઘાં તે જણાવવું. | વિશેષ હકીકત |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | બાર વરસની ઉપરનાં. | | | બાર વરસની અંદરના. | | | | | | | |
| | | પુરૂષ. | સૌભાગ્યવતી સ્ત્રી. | વિધવા સ્ત્રી. | પુત્ર. | પુત્રી. | કુલ્લે. | પુરૂષ. | સ્ત્રી. | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | |
| | | | | | | | | | | | | |

તારીખ　　　માહે　　　સને ૧૯૧

પત્રક ભરનારની સહી.　　　　　તાલુકા પ્રમુખની સહી.

# નમુનો નંબર (૪)

## ક્ષત્રિય હિતવર્ધક કેળવણી શાખા મરોઠ વિભાગના ગામોમાંથી નીમાયલા પ્રમુખ સાહેબ તથા મેમ્બરોની હકીકતનું પત્રક શાને.

| જીલ્લો. | ગામ | અનુક્રમ નંબર. | નામ અટક સાથે. | હોદ્દો. તાલુકા પ્રમુખ, તા. કમીટીના મેમ્બર કે ગામના મેમ્બર. | રિમાર્ક. |
|---|---|---|---|---|---|
| | | | | | |

**ટીપઃ**—સદરહુ પત્રક તાલુકાના પ્રમુખોએ વરસોવરસ દરેક ગામેથી ભરાવી મંગાવી એક પ્રત પોતે રાખી, બીજી પ્રત મરોઠ વિભાગના પ્રમુખ શ્રી વાંશીયા ઠાકોર સાહેબ તરફ મોકલવી.

# આવતા વર્ષની કોન્ફરન્સ.

કારેલી મુકામે કોન્ફરન્સમાં તારીખ ૨૪-૩-૧૧ ને રોજ સાંજના ચાર કલાકે રાજસ્થાનના જીલ્લેદાર રણા પ્રભાતભાવા નાથાભાવાએ પોતાના જીલ્લામાં શાલ ૧૯૬૮ ના માઘ માસમાં કોન્ફરન્સ ભરવાની માગણી કરી. સ્વજ્ઞાતિની ઉન્નતિ વિષે તેમની કેટલી લાગણી છે તે આ ઉપરથી પ્રત્યક્ષ જણાઈ આવ્યું હતું, છતાં અત્યાગ્રહને લીધે ઉપકારની લાગણી સાથે સર્વાનુમતે તેમણે કરેલી માગણી સ્વીકારવામાં આવી છે. મીતિ મુકરર કરી તેઓશ્રી કંકોત્રી મોકળશે. આવતી કોન્ફરન્સમાં બોર્ડિંગ સ્કુલ ક્યાં કાડવી તેની યોજના કેવી રીતે કરવી વગેરે. સંબંધી વિચાર ચલાવવાના છે; માટે દરેક ક્ષત્રિય બન્ધુઓએ લક્ષમાં રાખી પધારવા ચૂકવું નહિં.

લખી.

રાજપુત્ર—કોન્ફરન્સનો સેવક.

તંત્રી.



## કારેલી કોન્ફરન્સ તારીખ ૨૪-૩-૧૧ ના રોજે ક્ષત્રિય હિતવર્ધક કોન્ફરન્સને લગતી હકીકત પ્રસિદ્ધ કરવાના ખર્ચ સારૂ જે જે ગ્રહસ્થોએ મદદ આપી છે તેમના નામ.

| | | |
|---|---|---|
| ૨૫-૦-૦ | ઓરપાડ તાલુકા સમસ્ત. | હા૦ બેચરભાઇ નાથાભાઇ. |
| ૨૫-૦-૦ | રાજ તાલુકા સમસ્ત. | હા૦ પરભાતબાવા નાથાબાવા. |
| ૧૬-૦-૦ | વશ્રાવી તાલુકા સમસ્ત. | |
| ૫-૦-૦ | હાંસોટ તાલુકા સમસ્ત. | હા૦ નારસિંહ ખુશાળસિંહ |
| ૨-૦-૦ | રણા રતનસિંહ ખુશાલસિંહ. | |
| ૧-૪-૦ | રાવળજી ઉદેસીંહજી દાદાબાવા. | ધરમપુર. |
| ૧-૦-૦ | બાકરોબા ભીમબાવા કહાનબાવા. | કોસમડી. |
| ૧-૦-૦ | હમીરસિંહ અનુપસિંહ. | ઝનોર. |
| ૧-૦-૦ | છીતા પરતાપ. | વાણનુરે. |
| -૦-૦ | શેવણી ગામ સમસ્ત. | હા૦ પરભાતબાવા નાથાબાવા. |
| ૧-૦-૦ | માધવસિંહ લાલસિંહ બાવા. | ઓરીદરા. |
| | શાહ તુલજાશંકર પરભુદાસ. | અંકલેશ્વર. |



વાંચો ! અને નામ નોંધાવો ! ! વાંચ.

# જાહેર ખબર.

## રજપુત્રોને અમુલ્ય તક

આથી સમગ્ર ક્ષત્રિય પ્રજાને ખબર આપવામાં આવે છે કે:— કેટલાક આપણી કોમના માનવંતા સાહેબોની ફરમાશથી પૂજ્યપાદ પરમહંસ પરમાનંદ સરસ્વતીના આશ્રય નીચે અમે "ક્ષત્રિય ધર્મ સમુલ્લાસ" એ નામનું માસિક ચોપાનીયું કહાડવા નક્કી કર્યું છે. જેમાં ક્ષત્રિયોની સ્થિતિ, કેળવણી. રીતરિવાજો, ક્ષત્રિયોના ધર્મ અને આચાર, તથા ઇશ્વર સબંધી જ્ઞાનના વિષયો ચર્ચાશે; અને તે ઉપરાંત ક્ષત્રિય કોન્ફરન્સ અને ન્યાતિ ખબરો આપવામાં આવશે. પ્રથમ ૫૦૦ ગ્રાહકો થયેથી માસિક પ્રસિદ્ધ કરવામાં આવશે. સંવત ૧૯૬૮ ના કાર્તિક સુ ૨ સુધીમાં ગ્રાહક થનાર પાસેથી રૂા ૧) અને પાછળથી રૂા. ૧ાા લેવામાં આવશે, માટે જેઓએ ગ્રાહક થવું હોય અને વિ. પી. થી રવાના કરવું હોય તેઓએ પોતાનું નામ નોંધાવવા નીચેને સરનામે લખવું ટપાલ ખર્ચ જુદું.

છીતાભાઈ અદીભાઈ

મુ૦ ગોથાણ પો૦

---

અમુલ્ય તક.

જાહેર

સર્વે રાજપુત્ર

સમાં પૂજ્યપાદ

મુનિ

હોય



[illegible]

અને

[illegible]